**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૯૦ /૨૦૧૯,**

**તા.૨૭ /૫ /૨૦૧૯**

હું,એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ચાંદખેડાથી આર.ટી.ઓ. સર્કલ તરફ જતા માર્ગ ઉપર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અનુસંધાને તા.૧૮/૧/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફિકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ પેટલાદ હાઇવે રોડ એટલે કે ચાંદખેડાથી આર.ટી.ઓ. સર્કલ તરફ જતા માંર્ગ ઉપર ગણેશ કચરાજીની ચાલીની જમણી બાજુના છેલ્લા મકાન (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૭૫૩૬૬, ૭૨.૫૯૩૯૬૬) થી ચૌધરી કેટરસ દુકાન (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૭૪૨૯, ૭૨.૫૯૩૧૮૮) સુધી આજુબાજુના રહીશો અવર-જવર કરી શકે તે માટે અંદાજીત સાડા ત્રણ મીટર રસ્તો છોડી બાકીનો સંપુર્ણ રોડ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ :**

પેટલાદ હાઇવે રોડ એટલે કે ચાંદખેડાથી આર.ટી.ઓ. સર્કલ તરફ જવા માટે હાલમાં ચિમનભાઇ પટેલ બ્રીજથી ચાંદખેડા તરફ જવા માટે ડાયવર્ઝન આપેલ બી.આર.ટી.એસ. કોરીડોરની સમાંતર રોડ ઉપરથી આવવાનુ રહેશે અને ચિમનભાઇ પટેલ બ્રીજ તરફથી ચાંદખેડા તરફ જતા વાહનોએ પાવર હાઉસ ચાર રસ્તા (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૭૩૫૫૩,૭૨.૫૯૨૧૭૪) થી એ.ઇ.સી. મેટ્રો સ્ટેશનના નીચેના ભાગ PP-439 to C-10 સુધીના રોડનો ઉપયોગ કરવાનો રહેશે તેમજ બી.આર.ટી.એસ. બસોએ પણ આ રુટ મુજબ જ મિક્ષ ટ્રાફિકમાં અવર-જવર કરવાની રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૮/૧/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૭ /૫/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૭/૫/૨૦૧૯
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિદ્ધ કરવા સારૂ.